RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન રોઝ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

Vol.No-3, Issue No-6 TOTAL PAGE-4 Ahmedabad, Friday 05/01/2018

## યુવાદિનઃ ભારતમાતા કેવો યુવાન ઝંખે છે?



કોઈપણ દેશનો યુવાન એટલે તે રાષ્ટ્રનું ખૂબજ નજીકનું ભવિષ્ય'' ઘસમસતા પાણી કે ઝંઝાવાતી પવનને યોગ્ય દિશા ન આપવામાં આવે તો તેને સર્વનાશ કરતાં રોકી નહી શકીએ અને તેને પૂર, વાવાઝોડુ વગેરે નામ આપીને કુદરતી આફતમાં ખપાવીશું. પરંતુ આજ પાણીને રોકવા માટે ડેમ બનાવીશું અને પવન માટે પવનચક્કી લગાવીશું, તો તેનો ઉપયોગ કરી રાષ્ટ્રને જળ અને ઉર્જા સભર બનાવી શકીશું.

ઉપરોક્ત વાત માત્ર જળ કે વાયુને નહીં પણ દરેક દેશનાં તરવરીયા યુવાનોને પણ સચોટ રીતે લાગુ પડે છે. યુવાનો પાસે ભરપુર ઉર્જા, કંઈક નવું કરવાની તમન્ના, દેશને આગળ લાવવાની તીવ્ર ઇચ્છા, આ બધુજ છે. પરંતુ આ શક્તિને દિશા આપી શકે તેવી દિવાદાંડીઓની આજે તાતી જરૂરીયાત છે. યુવાદિન નિમિત્તે ચાલો આપણે સૌ મળીને વિચારીએ કે ભારતમાતા કેવા યુવાનો ઝંખે છે.

આજનાં યુવાનને સૌથી વધુ બે ચીજોની જરૂર હોય તો તે છે, આત્મવિશ્વાસ અને ધીરજ. દેશ, દુનિયા, પરિસ્થિતિ બદલી શકવા માટે જરૂરી એવી તમામ સામગ્રી આજનાં યુવાનોનાં મસ્તિષ્કમાં ભરેલ છે. પરંતુ તે પોતેજ પોતાની શક્તિઓથી અજાણ છે. જે પોતાને જ નથી ઓળખતો તે સ્વનિર્ભર બની અન્યનો સહારો કઇ રીતે બની શકે ? સમુદ્રકાંઠે શક્તિનું ભાન ભૂલીને બેઠેલા હનુમાન કે વિદ્યાર્થી રણમેદાનમાં પગવાળીને બેસી ગયેલ અર્જુન જેવી હાલત આજનાં યુવાનોની છે.

ત્યારે આજનાં યુવાનોને કહેવાનું મન થાય છે કે હે યુવાનો, તમારામાં રહેલ સત્વને ઓળખો તમારી શક્તિઓને વિકસાવો. બળ અને શક્તિમાં રહેલ તફાવતને સમજો. જરૂર ન હોય ત્યાં તેનું ખોટુ પ્રદર્શન ન જ કરો. પણ જ્યારે તેની જરૂર જણાય ત્યારે ક્યારેય પીછેહઠ ન કરો. રાષ્ટ્રને તથા સમાજને ઉપયોગી થાય તેવી શક્તિઓ તમારામાં પડેલી છે. તેને શોધવા માટે સંગઠીત થાઓ અને આત્મ વિશ્લેષણ કરતાં શીખો.

આજનાં યુવાનની મોટાભાગની શક્તિ સારા બનવા કે સત્કાર્યો કરવાને બદલે સારા દેખાવામાં વપરાય છે. માતા-પિતા-ગુરૂ કે સમાજ સાથેની સંવાદિતા ઘટતી જાય છે. અને વિદ્રોહ વધતો જાય છે. આ કુસંસ્કાર અને જનરેશન ગેપનાં પાયામાં ક્યાંક ટી.વી., ઈન્ટરનેટ, મોબાઈલ દ્વારા ઉભુ કરવામાં આવેલ કચકડાનું રૂપેરી, આભાસી જગત પણ રહેલું છે. આજનાં યુવાનો ટેકનોલોજીમાં અવ્વલ છે. પરંતુ એ ગુલામ ક્યાંક તમારો માલિક ન બની જાય તેનો ખ્યાલ રાખવો ખૂબ જરૂરી છે. પૈસા, પ્રતિષ્ઠા અને રૂપ પાછળ ભાગતાં યુવક-યુવતીઓને એ સમજવાની જરૂર છે. કે આ બધુ ધરાવતાં કેટલાય લોકોનાં નામ આજે આપણને યાદ નથી. અને જેની આજે દુનિયા પૂજા કરે છે. તે કોઈને ઉપરનાં ત્રણ પરિણામને કારણે મહાન ગણવામાં આવતાં નથી. ગાંધીજી તેની સંપત્તિનાં જોરે રાષ્ટ્રપિતા નથી બન્યાં. લોકોને યોગ્ય માર્ગે દોરવાની શક્તિએ તેમને સફળતા અને પ્રતિષ્ઠા અપાવ્યાં હતાં.

અમિતાભ બચ્ચન ધ મિલેનિયમ સ્ટાર બન્યા તેમની પાછળ તેમાનાં ડેશિંગલુક કરતાં સત્કાર્યો કરવાની ભૂખ વધુ જવાબદાર છે.

બીજી વસ્તુ જે ભારતમાતા પોતાના યુવાન પાસેથી ઝંખે છે એ છે ધીરજ. આજના આ જેટ યુગમાં બધાને બધુંજ તાત્કાલિક જોઈએ છે. કામ કશુયે નહીં કરવાનું અને છતાંય સફળતા રાતો રાત મળવી જોઈએ. એવી શરત પર આંખો માંડીને બેઠેલા શેખચલ્લીઓની સંખ્યા વધતી જાય છે.

મા-બાપ કે ગુરુજનની નાની-નાની વાતમાં માઠું લાગી જવું દુનિયાની ટીપ્પણીઓની સતત દરકાર રાખ્યા કરવી. કોણ પોતાના વિશે શું કરે છે. તેનાં આધારે જીવનનો ત્યાગ કરી આત્મ હત્યાનો આધાર લેવો તેનાથી વધુ મોટી અધિરાઇ બીજી કઇ હોઇ શકે.

સપના જોયાં પછી તેની પાછળ સતત મહેનત કરવાની ધીરજ, જીવન એટલે સંઘર્ષનું બીજુ નામ છે તે સમજી સંજોગોને પચાવવાની ધીરજ, ગમે તેવી મુશ્કેલીમાંથી ધીરે-ધીરે બહાર નીકળી શકવાની ધીરજ થકીજ આ જગતનાં કેટલાક લોકો શૂન્યમાંથી સ્ટાર બન્યાં છે. અબ્રાહ્મલિંકનથી લઈને થોમસ આલ્વા એડિસન સુધીનાં લોકોની સફરમાં સફળતા આવતા પહેલાં ધીરજનો પાદુર્ભાવ થયેલો છે. મક્કમપણે પોતાની વાતને વળગી રહેનારને આખી દુનિયાએ પૂજ્યા છે.

દલાઈલામાના એક સુંદર ભાષણ બાદ કેટલાક લોકો બૌદ્ધ સાધુ બનવાના કપડા લાવી અને દલાઈલામાની સામે ઉતાવળથી પહેરવા લાગ્યાં. ત્યારે હસીને દલાઈલામાએ કહેલું. “Do not change your clothes change your mind” કોઈપણની વાતમાં ઝડપથી આવી જવું ને ધીરજ ગુમાવી બેસવી એ પણ આપણી એક વરવી વાસ્તવિકતા છે.

ભારતમાતા અને સ્વામી વિવેકાનંદ એવા યુવાનો ઝંખે છે. જે ધર્મને સંપ્રદાયમાં ન વહેંચતા હોય, જે હેલ્થને જ ખરી વેલ્થ ગણતા હોય જે સ્વનિર્ભર હોય, જે સકારાત્મક ક્ષમતા ધરાવતા હોય, જેનાં બાવડામાં શોષણ સામે ટકી રહેવાની તાકાત હોય, જેના મનમાં ભારતને વિશ્વમાતા બનાવવાનાં મનસૂબા હોય, તેવા યુવાનો યુવાદિન નિમિત્તે જાગૃત થાય તો ભારત પુનઃ વિશ્વમાતા બને.



*“એટલુ આકાશ ફેલાવી શકું,*
*વાદળોને પાંખ પહેરાવી શકું”*

**ધર્મેન્દ્ર કનાલા, ટ્રસ્ટી, રાજુલા**

## દેશભક્તોનાં પણ દેશભક્તઃ સુભાષચંદ્ર બોઝ



ભારત દેશમાં અનેક વિભૂતિઓ જન્મી છે. જેમનો પ્રભાવ માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરમાં પડ્યો છે. એવી એક વિરલ વ્યક્તિ એટલે નેતાજી સુભાષચંદ્ર બોઝ.

સુભાષચંદ્ર બોઝનો જન્મ તા. ૨૩-૧-૧૮૯૭ને સોમવારનાં રોજ ઓરિસ્સાનાં કટક શહેરમાં માતા પ્રભાવતીની કૂખે થયો હતો. માતા પ્રભાવતી ખૂબજ ધાર્મિકવૃત્તિ વાળા હતાં. તેમના પિતા જાનકીનાથ બોઝ પ્રસિદ્ધ વકિલ હતાં. અંગ્રેજ સરકારે તેમને ‘રાવ બહાદુર’ નો ખિતાબ આપ્યો હતો. તેઓ કડક શિસ્તનાં આગ્રહી હતાં.

સુભાષબાબુમાં બાળપણથી જ નેતાગીરીનાં ગુણો ખીલ્યાં હતાં. ક્યાંય રોગ ચાળો ફાટી નીકળે કે કોઇ આફત આવી હોય તો લોકોની મદદે સુભાષબાબુ દોડી જતાં. આમ કરવા જતાં પોતાને કંઇ થશે તેની ક્યારેય પરવાહ કરતાં નહીં. ભીખ માંગીનેય ગરીબ અને બિમાર લોકોની સેવા કરતાં. અભ્યાસમાં તેજસ્વી એવા સુભાષબાબુમાં રાષ્ટ્રપ્રેમ ભારોભાર હતો. બાર-તેર વર્ષની ઉંમરે તેઓ કટકની શાળામાં અભ્યાસ કરતાં હતાં. આ શાળામાં શ્રીમંતનાં સંતાનો અને યુરોપિયન છોકરાઓ જ ભણતા હતાં. એક દિવસ એક અંગ્રેજ છોકરાએ અત્યંત તિરસ્કારથી કહ્યું : ‘બંગાળી બાબુ ! બહુ લુચ્ચા હોય છે.. હુ તો બંગાળી છોકરાને જોઉં છુને લાફો લગાવી દઉં છું’ એક દેશી ખિસ્તી છોકરાએ કહ્યું : ‘છી..છી.. બંગાળી! એ લોકો તો ચીભડુ છે’ આ સાંભળીને સુભાષબાબુનો મિજાજ ગયો. તેણે દેશી ખિસ્તી છોકરાનાં ગાલ ઉપર એક તમાચો ચોડી દીધો. પેલા અંગ્રેજ છોકરાને પગની આંટી ભરાવી પછાડ્યો. આ પ્રસંગ પછી એ યુરોપિયન શાળામાં બંગાળીઓનું નામ ખૂબજ સન્માનથી લેવાવા લાગ્યું.

શાળાકિય અભ્યાસ જેવો જ પ્રસંગ પ્રેસિડેન્ટ કોલેજમાં પણ બને છે. એક અંગ્રેજ પ્રાધ્યાપકે બંગાળીઓને બોલ્યા.. બંગાળીઓ તો દ્રાવિડિયન છે. એ લોકો મૂળથી જંગલી એટલે ખૂની, બાયલા અને લુચ્ચા છે ! આ સાંભળી આખીય કોલેજમાં ખળભળાટ મચી ગયો. પણ બિલાડીની કોટે ઘંટ કોણ બાંધે ? આ બીડુ સુભાષબાબુએ ઝડપ્યું. સુભાષબાબુએ કોલેજ બહાર એ પ્રાધ્યાપકને પકડીને બરાબરનો મેથી પાક ચખાડ્યો. આવી હતી તેમની દેશ દાઝ. જો કે આ કાર્ય બદલ કોલેજમાંથી તેમને રૂખસદ આપવામાં આવી. એટલું જ નહીં, પરંતુ યુનિવર્સિટીમાંથી પણ ગેરલાયક ઠરાવાયા, છેવટે બે વર્ષ બાદ સર આસુતોષ મુકરજીની દરમ્યાનગીરીથી રૂખસદ રદ કરવામાં આવી. ઈ.સ. ૧૯૧૬માં સ્કોટીશ ચર્ચ કોલેજમાં પ્રવેશ મેળવી સુભાષબાબુએ અભ્યાસ શરૂ કરી દીધો.

સુભાષબાબુ અભ્યાસમાં ખૂબ તેજસ્વી હોવાથી તેમાના પિતાની ઇચ્છા હતી કે તે આઇ.સી.એસ. થાય. સુભાષબાબુ આઇ.સી.એસ. થવા ઈંગ્લેન્ડ ગયાં. ઈ.સ. ૧૯૨૦માં તેમણે ‘સિવિલ સર્વિસ’ ની પરીક્ષા ચોથા ક્રમે પાસ કરી. છેવટે ઉચ્ચ સરકારી નોકરીને ઠોકર મારી સુભાષબાબુએ આઝાદીની લડતમાં ઝંપલાવ્યું. આથી પિતા જાનકીનાથ બોઝનું સ્વપ્ન રોળાયું. આથી તેમણે કહ્યું: ‘મારી આશા ભાંગી એનો મને રંજ નથી, પણ જે દિવસે મારી ઈજ્જત ભાંગશે તે દિવસે મને મોઢુ બતાવશો નહીં.’

હવે સુભાષબાબુનું એક માત્ર સ્વપ્ન હતું, ‘ભારત માતાની આઝાદી’ સુભાષબાબુએ રાષ્ટ્રની આઝાદી માટે પોતાનું સમગ્ર જીવન અર્પિત કરી દીધું. એમણે અગિયાર-બાર વર્ષ કારાવાસમાં વિતાવ્યાં. સૌ પ્રથમ ઈ.સ. ૧૯૨૧માં ૬ મહિના માટે તેમને કારાવાસની સજા થઇ હતી. ત્યારબાદ અંગ્રેજ સરકારે તેમને અનેક વાર જેલની સજા કરી હતી. દેશની આઝાદી માટે તેઓ અઢાર-અઢાર કાર્ય કરતાં હતાં. ‘ફોરવર્ડ’ વર્તમાન પત્ર દ્વારા તેઓ તેજાબી લખાણો લખતાં લાખો યુવાનોનાં હૃદયમાં સુભાષબાબુનું અનેરૂ સ્થાન હતું. સુભાષબાબુની રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ અંગ્રેજ સરકારને આંખનાં કણાની જેમ ખૂંચતી હતી. ઈ.સ. ૧૯૩૮માં ગાંધીજીએ કોંગ્રેસનાં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે સુભાષબાબુની પસંદગી કરી. પરંતુ ગાંધીજી અને સુભાષબાબુની કાર્ય પ્રણાલી ભિન્ન હોવાથી મતભેદ થતાં રહેતાં હતાં. ૧૯૩૯માં નવાં કોંગ્રેસ અધ્યક્ષ પસંદ કરવાનો સમય આવ્યો. ત્યારે સુભાષબાબુએ ફરી અધ્યક્ષ બનવાનું વિચાર્યું. ગાંધીજીએ અધ્યક્ષ પદ માટે પટ્ટાભી સીતારાજૈયાની પસંદગી કરી. આથી ચૂંટણી યોજાઇ. સીતારાજૈયાને ગાંધીજીનું સમર્થન હોવા છતાં તેમને ૧૩૭૧ મત મળ્યાં જ્યારે નેતાજી સુભાષચંદ્ર બોઝને ૧૯૮૦ મત સાથે વિજય પ્રાપ્ત થયો. જે તેમની લોકપ્રિયતા દર્શાવે છે. કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ચૂંટાવા છતાં સાથી મિત્રોનો સહકાર ન મળતાં સુભાષબાબુએ તા. ૨૯-૪-૧૯૩૯નાં રોજ અધ્યક્ષ પદેથી રાજીનામું આપી દીધું. અને પોતાનાં ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરી.

સુભાષબાબુ મહાસભાની સત્તાવિહોણા થતાં અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂરી દીધા. જેલમાં તેમની તબિયત લથડતાં એમના ઘરે જ નજરકેદ રાખવામાં આવ્યાં. ચાળીસ દિવસ એકાંતમાં રહી, દાઢી વધારી અને એક દિવસ સુભાષબાબુ પઠાણના વેશે ગાડીમાં બેસી ધોળે દહાડે નિકળી પડ્યાં. તેમણે પેશાવર સુધી મુસાફરી કરી. ત્યાંથી કાબુલ અને છેક જર્મની પહોંચ્યાં. પરદેશમાં રહી દેશને મુક્તિ અપાવવાનાં આશયથી તેમણે અનેક કષ્ટો વેઠ્યાં.

જર્મનીમાં એમણે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી. સુભાષબાબુએ સ્ત્રી સૈન્યની પણ રચના કરી. તેમણે ‘ચલો દિલ્હી’ નો રણનાદ આપ્યો. આઝાદીનાં એ સ્વપ્ન દ્રષ્ટાએ સૌને લડત માટે કટિબદ્ધ કરતાં કહ્યું, ‘હું તમારો ‘નેતાજી’ થયો છું. પરંતુ તમને આપવાને મારી પાસે કેવળ ભૂખ, થાક અને મૃત્યુ સિવાય બીજુ કાંઇ નથી..’ તેમણે લલકાર્યું : ‘તુમ મુઝે ખૂન દો, મેં તુમ્હે આઝાદી દુંગા’

સુભાષબાબુએ ૧૯૪૩ થી ૧૯૪૫ સુધી તનતોડ મહેનત કરી સિંગાપોરમાં ‘આઝાદ હિંદ સરકાર’ની સ્થાપના કરવામાં આવી. દૂર પૂર્વના ભારતીઓએ સુભાષબાબુની ઝોળી મન મૂકીને છલકાવી દીધી. આઝાદ હિંદ ફોજે ૧૯૪૪નાં માર્ચમાં હિંદની સરહદમાં પ્રવેશ કર્યો. અને ઈન્ફાબને ઘેરો ઘાલ્યો. પરંતુ આઝાદીનાં આ લડવૈયાને કુદરતે યારી ન આપી. અતિવૃષ્ટિ થતાં આઝાદ હિંદ ફોજે પીછેહઠ કરવી પડી.

દેશની આઝાદીનું સ્વપ્ન સેવનાર આ મહાપુરૂષ વિમાન માર્ગે ટોકિયો જઇ રહ્યાં હતાં. તે વિમાન તૂટી પડ્યું. કોઇ કહે છે...એમનું મૃત્યુ થયું કોઇ કહે છે એ જીવતા છે. કોઇ કહે મેં એમને સંન્યાસીનાં રૂપમાં જોયા છે..’



‘જયહિંદ’ નો નારો આપનાર આ મહાન વિભૂતિ ભારતવાસીઓનાં હૃદયમાં હંમેશા અમર રહેશે.

**રાજેશ ધામેલિયા, શિક્ષક, સુરત**

# "કૌન બનેગા"
## SUPER THE OPEN PAGE 'STUDENT' - PART-2



વિદ્યાર્થી મિત્રો, અને વાલી મિત્રો,
હવે **The Open Page** દ્વારા સામાન્ય જ્ઞાનમાં વધારો થાય અને આવતી પ્રખરતા શોધ કસોટી, સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી બને માટે દર મહિને ૨૫ પ્રશ્નો આપની જ્ઞાન કસોટી માટે મૂકવામાં આવશે.

**૨૬. આરોગ્ય વિજ્ઞાનને અંગ્રેજીમાં શું કહેવાય ?**
(ક) એનેટોમી — (ગ) બાયોલોજી
(ખ) હાઇજીન — (ઘ) હોમીયોપેથી

**૨૭. ભૂમિદળનાં વડાને શું કહેવાય ?**
(ક) એડમીરલ — (ગ) એર માર્શલ
(ખ) એર ચીફ માર્શલ — (ઘ) જનરલ

**૨૮. ભારતમાં વીરતા માટે અપાતા એવોર્ડમાં સર્વોચ્ચ એવોર્ડ ક્યો છે ?**
(ક) વીરચક્ર — (ગ) પરમવીરચક્ર
(ખ) શૌર્યચક્ર — (ઘ) અશોકચક્ર

**૨૯. મીટર ગેજ રેલ્વે લાઇનમાં બે પાટા વચ્ચેનું અંતર કેટલુ હોય છે. ?**
(ક) ૧.૦૦ મીટર — (ગ) ૦.૭૬૨મીટર
(ખ) ૨.૦૦ મીટર — (ઘ) ૧.૬૭૬મીટર

**૩૦. ભારતમાં બંધારણનો અમલ કઇ તારીખથી શરૂ થયો ?**
(ક) ૨૬ નવે.૧૯૪૯ — (ગ) ૧૫ઓગષ્ટ ૧૯૪૭
(ખ) ૨૬ જાન્યુ.૧૯૫૦ — (ઘ) ૧૫ઓગષ્ટ ૧૯૪૬

**૩૧. માનવીની પાંપણો એક મિનિટમાં આશરે કેટલી વાર ઉઘાડ-બંધ થાય છે.?**
(ક) ૩૦ વખત — (ગ) ૨૫ વખત
(ખ) ૪૦ વખત — (ઘ) ૫૦ વખત

**૩૨. હોકીની રમતમાં ખેલાડીની સંખ્યા કેટલી હોય છે ?**
(ક) ૭ — (ગ) ૧૧
(ખ) ૯ — (ઘ) ૬

**૩૩. વેટનું પુરૂ નામ શું છે ?**
(ક) વેલ્યુ એટેડ ટેક્ષ — (ગ) વીડિયો એટેડ ટેક્ષ
(ખ) વેલ્યુ ઓફ ટેક્ષ — (ઘ) વીડિયો એજન્સી ટેક્ષ

**૩૪. સૌર મંડળનાં સૌથી ઠંડા ગ્રહનું નામ શું છે. ?**
(ક) નેપ્ચ્યુન — (ગ) યુરેનસ
(ખ) પ્લુટો — (ઘ) ગુરૂ

**૩૫. ભારતની દક્ષિણે રામેશ્વર પાસે કઇ સમુદ્રધુનિ આવેલી છે. ?**
(ક) પાલ્ક — (ગ) બેસીન
(ખ) ખંભાત — (ઘ) યુરેશિયા

**૩૬. તાજેતરમાં ઇસરોએ ક્યા અવકાશયાન દ્વારા ૧૦૪ ઉપગ્રહો અવકાશમાં તરતા મૂક્યાં છે. ?**
(ક) PSLU-A-38 — (ગ) PSLU-C-37
(ખ) PSLU-B-37 — (ઘ) PSLU-D-37

**૩૭. પાચન અને શરીરની વૃદ્ધિ માટે શક્તિનાં સ્ત્રોત તરીકે શાની જરૂર છે. ?**
(ક) ક્ષાર — (ગ) પ્રોટીન
(ખ) ચરબી — (ઘ) કાર્બોદિત

**૩૮. 'ટ્રાઇ' ટૂંકાક્ષરી નામ નીચેની કઇ સેવા સાથે સંકળાયેલ છે. ?**
(ક) વિમાની સેવા — (ગ) ટેલિફોન સેવા
(ખ) વિમા સેવા — (ઘ) પોસ્ટલ સેવા

**૩૯. રેડિયો અને ટીવી પ્રસારણ માટે વાતાવરણનું ક્યું આવરણ ઉપયોગી છે. ?**
(ક) ક્ષોભાવરણ — (ગ) આયન આવરણ
(ખ) સમતાપ આવરણ — (ઘ) મુદાવરણ

**૪૦. બપોરે બે વાગે ઘડિયાળનો મિનિટ કાંટો કઇ દિશા દર્શાવે છે. ?**
(ક) ઉત્તર — (ગ) ઉત્તર-પૂર્વ
(ખ) ઉત્તર-પશ્ચિમ — (ઘ) પૂર્વ

**૪૧. ભારતીય પ્રોટોકોલ મુજબ અગ્રતાક્રમમાં કોણ સૌથી ઉપર હોય છે. ?**
(ક) નાયબ વડાપ્રધાન — (ગ) રાજ્યનાં રાજ્યપાલ
(ખ) પૂર્વ રાષ્ટ્રપતિ — (ઘ)લોકસભાનાં અધ્યક્ષ

**૪૨. નીચેનામાંથી ક્યો સ્પેલીંગ સાચો છે. ?**
(ક) Compitetion — (ગ) Compition
(ખ) Competition — (ઘ) Comption

**૪૩. બે સંખ્યાનો સરવાળો ૪૦ છે અને તફાવત ૪ છે તો તે બંને સંખ્યાઓનો ગુણોત્તર શું થશે. ?**
(ક) ૨૧:૧૯ — (ગ) ૧૧:૨૯
(ખ)૨૨:૧૮ — (ઘ) ૧૭:૨૨

**૪૪. કઇ રકમનું ઘનમૂળ ૮ થાય ?**
(ક) ૧૬ — (ગ) ૫૧૨
(ખ) ૬૪ — (ઘ) ૨૪

**૪૫. તાજેતરમાં ગોલ્ડ મેડલ જીતનાર અંકુર મિત્તલ કઇ રમત સાથે સંકળાયેલ છે ?**
(ક) નિશાનેબાજી — (ગ) ટેનિસ
(ખ) કબડ્ડી — (ઘ) શતરંજ

**૪૬. દેશમાં જાન્યુઆરીથી ડિસેમ્બર નાણાંકિય વર્ષ કરનાર દેશનું પ્રથમ રાજ્ય ક્યું છે. ?**
(ક) મહારાષ્ટ્ર — (ગ) ગુજરાત
(ખ) રાજસ્થાન — (ઘ) મધ્યપ્રદેશ

**૪૭. IPL – 10, T-20 ટુર્નામેન્ટ વર્ષ ૨૦૧૭માં કઇ ટીમ ચેમ્પિયન બની. ?**
(ક) દિલ્હી ડેરડેવિલ્સ — (ગ) સનરાઇઝ હૈદરાબાદ
(ખ) મુંબઇ ઇન્ડિયન્સ — (ઘ) સુપર જાયન્ટ્સ પૂણે

**૪૮. ઇંગ્લેન્ડમાં રમાયેલી ICC Women Cricket World Cup ભારતીય મહિલા ટીમની કપ્તાન કોણ હતી. ?**
(ક) દિપ્તી શર્મા — (ગ) મિતાલી રાજ
(ખ) પૂનમ રૂપ — (ઘ) હરપ્રીત કૌર

**૪૯. એશિયન ગેમ્સ – ૨૦૧૮ ક્યાં દેશમાં યોજવાનો છે. ?**
(ક) ઇન્ડોનેશિયા — (ગ) નવી દિલ્હી
(ખ) જાપાન — (ઘ) દક્ષિણ કોરીયા

**૫૦. ભારતની કઇ મહિલા સ્કવોશ ચેમ્પિયનશીપમાં મહિલા સિંગલ્સનું ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની છે.**
(ક) જોશના ચિનપ્પા — (ગ) કવિતા શુકલ
(ખ) ભુંવનેશ્વરી કુમારી — (ઘ) મધુમિતા ગોસ્વામી



**વધુ આવતાં અંકે મળીશું.. આપના જવાબ ૨૦ તારીખ સુધીમાં 'ધી ઓપન પેજ'ને મોકલી આપવા**

**સથવારા નિમિષા**
આચાર્ય, અમદાવાદ

# જાવેદ અખ્તર



૪થી ઓકટોબર ૧૯૬૪ મુંબઇ શહેરમાં પોતાનાં જીવનનો ફેંસલો લેતાં એક કલાકાર જેને મુંબઇ આવ્યાને ૬ દિવસ પછી પોતાનું ઘર મુંકવું પડ્યું. ખીસ્સામાં ફક્ત ૨૭ પૈસા લઇને ઉતર્યો અને આજે ૨૦૧૭માં હિન્દી ફિલ્મ જગતનો એ અનમોલ તારો એટલે જાવેદ અખ્તર આપણી સમક્ષ અટલ ઉભો છે. આવો તેમનાં જીવનની કેટલીક અગત્યની બાબતો જાણીએ

**જન્મઃ** ૧૭મી જાન્યુઆરી ૧૯૪૫ ગ્વાલિયર (મ.પ્ર.)
**પિતાઃ** જાન નિસાર અખ્તર, પ્રખ્યાત કવિ
**માતાઃ** સહિયા અખ્તર, શિક્ષિકા અને ઉર્દુ લેખિકા
**અભ્યાસઃ** લખનઉ, અલીગઢ, ભોપાલ
**લગ્નઃ** પ્રથમ પત્ની હની ઈરાની, બે સંતાન
૧.ફરહાન અખ્તર, પ્રખ્યાત અભિનેતા
૨.જોયા અખ્તર, નિર્દેશક, નિર્માત્રી
**બીજા લગ્નઃ** શબાના આઝમી, અભિનેત્રી
**કરીયરઃ** શરૂઆત – ફિલ્મ 'સરહદી લુટેરા' સલીમ જાવેદની જોડીએ હિન્દી ફિલ્મ જગતને વર્ષ ૧૯૭૧ થી ૧૯૮૧ સુધી અનેક સફળ હિટ ફિલ્મો આપી, અને લગભગ ૨૪ હિટ ફિલ્મોમાંથી ૨૦ ફિલ્મો બોક્સ ઓફિસ પર બ્લોક બસ્ટર રહી. જેમાં 'સીતા ઔર ગીતા' 'શોલે' 'હાથી મેરે સાથી' 'યાદોકી બારાત' 'દિવાર' જેવી ફિલ્મો આજે પણ એટલા જ રસથી જોવાય છે.
**સન્માનઃ** ફિલ્મફેર – ગીતો માટે ૭ વખત, સ્ક્રિપટ માટે ૭ વખત
**પદ્મશ્રી** – ૧૯૯૯ સાહિત્ય જગતમાં અનમોલ પ્રદાન માટે
**પદ્મભુષણ** – ૨૦૦૭
**નેશનલ એવોર્ડ** – ૫ વખત (બોર્ડર, રેફ્યુજી, લગાન)

**થોડીક વધુ રસ પ્રદ વાતો.**
અસલી નામ જાદુ
સલીમખાન અને જાવેદ અખ્તરને 'સલીમ-જાવેદ' બનાવનાર પ્રથમ ડાયરેકટર એસ.એમ. સાગર
સલીમખાન સ્ટોરી આઇડિયા આપતાં અને જાવેદ-અખ્તર ડાયલોગ લખવામાં મદદ કરતાં. તેઓ ઉર્દુમાં લખતા અને પછી હિન્દીમાં ભાષાંતર થતું.

- તેમનાં પ્રથમ પત્નિ હની ઈરાની અને જાવેદ પોતે, બંનેનો જન્મ દિવસ એકજ તારીખે આવે છે.
- શરૂઆતનાં દિવસોમાં તેઓ કેંફી આઝમીનાં સહાયક હતાં. પછી તેમની જ દીકરી શબાના સાથે લગ્ન કર્યાં.

**પ્રખ્યાત શાયરી**

*'અહેસાન કરો તો દુઆઓ મેં મેરી મૌત માંગના,*
*અબ જી ભર ગયા હૈ જીંદગી સે,*
*એક છોટે સે સવાલ પર ઈતની ખામોશી ક્યોં,*
*બસ ઈતના હી તો પૂછા થા*
*કભી વફા કી કીસી સે'*

*'હમ હૈ વફા કે પૂજારી*
*હરદમ વફા કરેંગે*
*એક જાન રહ ગઈ હૈ*
*ઈસે ભી તુમ પર ફીદા કરેંગે*
*અલ્લાહ કરે તુમકોભી*
*ચાહ હો કીસીકી*
*ફિર મેરી તરહ તુમ ભી*
*રાહ દેખતા રહે કિસીકી'*

જાવેદ અખ્તર ઉર્દુ ભાષાનાં ખાં કવિતા અને શાયરીનાં અદ્ભુત માહિતગાર હિન્દી ફિલ્મ જગત માટે અદ્ભુત અને અણમોલ હિરા છે. તેઓ આજીવન લખતાં રહે, એમની કવિતાઓથી આપણે સૌ ખૂબજ અભિભુત થતાં રહીએ, જીવન જીવવાનાં આ માર્ગ પર સહેલાઈથી ચાલતાં રહીએ અને જાવેદ અખ્તર સાહેબ ખૂબજ સ્વસ્થ રહે અને અગાધ લખતાં રહે એવી હાર્દિક શુભેચ્છા સહ.

**—હર્ષા ઠક્કર,** શિક્ષક, ભૂજ

# વીર શહિદોની વીર વાણી તેમનાજ શબ્દોમાં



**વાસુદેવ બળવંત ફળકે**

હે મહારાષ્ટ્ર ! હું પ્રતિજ્ઞા લઉં છું કે જ્યાં સુધી મારો ભારત દેશ સ્વતંત્ર નહીં થાય ત્યાં સુધી માથે કંઇ પહેરીશ નહીં. અને માથા દાઢીનાં વાળ પણ નહીં ઉતારૂં.

મારૂ સ્વદેશાભિમાન ઈશ્વરને એકજ પ્રાર્થના કરતું, હે ઈશ્વર : તુ મારા પ્રાણ લઈ લે, હરીલે, પણ મારા દેશ બંધુઓને સુખી કર.

જે જન્મભૂમિનાં ઉદરે મેં જન્મ ધારણ કર્યો એ જ ભૂમિનો સંતાન છું. મારા દેશ બાંધવો. એમને અન્નનાં અભાવે ભૂખે મરવું પડે ! ! !

આ માટે મેં નોકરીને લાત મારી. કુટુંબ જીવન ત્યજી દીધું. ધાડો પાડી નાણાં મેળવી માણસોને નોકરીમાં રાખ્યાં. સૈન્ય લઇને વિદ્રોહનાં કામનો મેં આરંભ કર્યો.

મારી પાસે પૂરતાં નાણાં હોત તો બે બે મહિનાનાં પગારો ચુકવીને દેશની ચારે બાજુ અંગ્રેજ સત્તા સામે વિદ્રોહ કરાવ્યો હોત. એકી સાથે વિદ્રોહનાં ભડકા જગાવત.

આમ બન્યું હોત તો અંગ્રેજોને દેશમાંથી કાઢી, ભારતીય પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાનું મારૂ ધ્યેય સિદ્ધ થાત. એ વખતે આકાશમાંથી ઉતરીને અંગ્રેજોને એમનો બાપ પણ ન બચાવી શક્યો હોત.

સ્વરાજ્ય સ્થાપવાનો યશ મને મળ્યો નહીં મને તો મળી નિષ્ફળતા જ. માત્ર પરમેશ્વર જ જાણે છે કે મેં આ સઘળું સ્વદેશ માટે જ કર્યું છે.

હે મારા ભારતવાસી બંધુઓ :

મારા તરફથી તમને કાંઇ લાભ થયો નથી. હુ મારૂ ધ્યેય સિદ્ધ કરી શક્યો નથી. તો 'મને ક્ષમા કરશો.'

"શહિદો કી ચિતાઓ પર લગેગે હર બરસ મેલે,
વતન પર મિટને વાલો કા યહી બાકી નિશા હોગા".

વાસુદેવ બળવંત ફળકે જેને 'સહ્યાદ્રિના સિંહ' નું બિરૂદ મળ્યું હતું. અને ઇ.સ. ૧૮૭૯માં 'ભારતનાં આધ્ય ક્રાંતિવીર' નું બિરૂદ મળ્યું હતું. એ વાસુદેવ બળવંત ફળકેનાં અંતરમાંથી એકવાર અવાજ ઉઠે છે.

આજ પળ, આજ મુહુર્ત, ઉઠાવ તલવાર અને વધ આગળ...આવા ક્રાંતિવીર વાસુદેવ બળવંત ફળકેએ આખા ભારત દેશમાં ક્રાંતિની જેહાદ જગાવી હતી. જેને પકડવા માટે તે જમાનાનાં રૂા. ૪૦૦૦ (ચાર હજાર)નું ઈનામનું ઈનામ પણ રાખેલ હતું. એવા ક્રાંતિવીર માટે કોઇ કવિએ કહ્યું છે કે..

'ગીર ગીર કે મુસીબત મેં, સંભલતે હી રહેગે,
જલ જાયે મગર, આગ મેં ચલતે હી રહેગે.



**બલદેવ જે. પરી,** શિક્ષક, જૂનાગઢ

**વૈધાનિક સુચનાઃ** ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# એ. આર. રહેમાન

ઓસ્કાર એવોર્ડ મેળવનાર, માતા ને સમર્પિત, ઉર્રનાં પ્રોજેક્ટ ‘Stop T.B.’(૨૦૦૪) પાર્ટનરશીપનાં ગ્લોબલ એમ્બેસેડર ૨૦૦૪ સુધીમાં ૧૦ વર્ષ લાંબી કારકિર્દી ધરાવનાર, વિશ્વભરમાં તેમનાં ફિલ્મ સ્કોર્સ અને સાઉન્ડટ્રેક્સની ૧૫ કરોડથી વધારે રેકોર્ડસનું વેચાણ કરનાર, વિશ્વનાં ઓલ ટોપ સેલિંગ રેકોર્ડસમાં સ્થાન પામનાર, ટાઈમ મેગઝીન જેને ‘મોઝાર્ટ ઓફ મદ્રાસ’ ગણે છે. ૨૦૦૯ નાં સૌથી વગદાર વ્યક્તિની ઉપાધિ પામનાર આર.બી.રહેમાને ભારતનાં તામિલનાડુ રાજ્યનાં ચેન્નાઈ ખાતે સંગીતનાં પ્રભાવનાં હેઠળનાં મૃદલિયાર તમિલ કુટુંબનાં મલયાલમ ફિલ્મનાં વૃંદવાદનનાં સંચાલક આર.કે.શેખરનાં ઘરે જન્મ્યા હતાં. રહેમાન ખૂબજ નાની વયે તેમનાં પિતાની છત્રછાયા ગુમાવી અને કહેવાય છે કે તેમનાં કુટુંબે આવક મેળવવા સંગીતનાં સાધનો ભાડે આપ્યાં હતાં. તેમની માતા કરીમા (કસ્તુરી) એ તેમનો ઉછેર કર્યો અને ત્યારબાદ ૮ વર્ષની ઉંમરે તેમણે ઈસ્લામ ધર્મ અપનાવ્યો. અને તેમનું નામ બદલીને ‘રહેમાન’ રાખવામાં આવ્યું. તેમણે નાનપણમાં જ ‘રૂટ્સ’ જેવા બેન્ડમાં ‘કી’ બોર્ડ પ્લેયર અને વ્યવસ્થાપક તરીકે તેઓ ચેન્નાઈનાં એક રોક ગૃપ ‘નેમસિર એવન્યુ’ નાં સ્થાપક છે. તેઓ સિન્થે સાઈઝર, હાર્મોનિયમ, ગિટાર, પિયાનો વગાડતાં હતાં. તેઓ કહેતા ‘સંગીત અને તકનીક’ બંને વચ્ચે અનોખું મિશ્રણ છે.

તેમણે માસ્ટર ધનરાજનાં માર્ગદર્શનમાં સંગીતની પ્રારંભિક તાલીમ લીધી. ફક્ત ૧૧ વર્ષની વયે જ તેઓ ઈલિયારામાં ટુંપ સાથે કિ બોર્ડ વગાડનાર તરીકે જોડાયાં હતાં. તેઓએ ‘ટ્રીનીટી કોલેજ ઓફ મ્યુઝીકની’ સ્કોલરશીપ મેળવી. તેમણે Western Classical મ્યુઝીકમાં સ્નાતકની પદવી મેળવી.

૧૯૯૨માં તેમણે પોતાનાં ઘરની પાછળનાં ભાગમાં પોતાનો મ્યુઝીક રેકોર્ડિંગ અને મિક્સિંગ સ્ટુડિયો શરૂ કર્યો. જે આજે સમય જતાં ભારતનાં સૌથી અદ્યતન રેકોર્ડિંગ સ્ટુડિયોમાં પરિવર્તન પામ્યો. શરૂઆતમાં તેઓ જીંગલ્સ બનાવતાં જે જાહેરાતો ભારતીય ટેલિવિઝન



ચેનલ્સ અને દસ્તાવેજી ફિલ્મો માટે કામ લાગતાં.

૧૯૯૨માં ફિલ્મ દિગ્દર્શક મણિરત્નમે તેમની તમિલ ફિલ્મ ‘રોજા’ નાં સ્કોર અને સાઉન્ડટ્રેક કંપોઝ કરવાં રહેમાનનો સંપર્ક કર્યો, અને તેની શરૂઆતે જ રહેમાનને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ખાતે શ્રેષ્ઠ સંગીત દિગ્દર્શક માટેનો રજતકમલનો પુરસ્કાર જીતાવી આપ્યો. જે પ્રથમવાર ફિલ્મ કંપોઝ કરી રહેલાં વ્યક્તિએ પુરસ્કાર મેળવ્યો હોય તેનો પ્રથમ પ્રસંગ હતો. ત્યારબાદ રહેમાને આ પુરસ્કાર વધુ ત્રણ વખત ‘મિનાસાર કનાક’ માટેનાં તેમનાં સ્કોર્સ માટે (ઈલેક્ટ્રીક, ડ્રીમ્ઝ તમિલ) ૧૯૯૭માં ‘લગાન’ માટે ૨૦૦૨માં કન્નાથિલ મુથમિટ્ટલ (તમિલ) ૨૦૦૩માં મેળવેલા સૌથી વધુ હતાં.

‘રોજા’ નાં સ્કોરનું ઉંચુ વેચાણ થવાનાં કારણે તે સમય ફિલ્મ સંગીતમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું અને ત્યારબાદ તો એ.આર. રહેમાન ક્યાંય રોકાવાનું નામ જ નથી લીધું. વિવિધ સફળ સંગીત ફિલ્મો ‘બોમ્બે’ શહેરી ફિલ્મ કલાધન ભરથરીરાઘની કરૂથ્થપા, સેક્સોફોનિક ડ્યૂએટ ઈન્દીરા અને રોમેન્ટિક હાસ્ય પ્રધાન ‘મિસ્ટર રોમિયો’ અને લવબર્ડસનો સમાવેશ થાય છે. જેણે ખૂબજ ધ્યાન ખેંચ્યું. રામગોપાલ વર્માની દિગ્દર્શિત ‘રંગીલા’ થી રહેમાને મુંબઈ ફિલ્મ ઉદ્યોગમાં હિન્દી ભાષાની ફિલ્મોમાં પ્રવેશ કર્યો. ત્યારબાદ ‘દિલસે’ અને સંગીત બન્ધ ‘તાલ’નો સમાવેશ થાય છે.

રહેમાને જાવેદ અખ્તર, ગુલઝાર, આનંદ બક્ષી. પી. કે.મીશ્રા, મહેબુબ, વેંરામુથુ અને વાલી જેવા ભારતીય કવિઓ અને ગીતકારો સાથે કામ કર્યું છે. ‘મણિરત્નમ્’ દિગ્દર્શક સાથે તેમની જોડી ખૂબજ સફળ થયેલ તેમની સાથે રહેમાને ‘રોમ’ કરેલ જે ખૂબજ સફળતા પામી.

દિગ્દર્શક એસ. શંકર સાથેની ફિલ્મો જેન્ટલમેન, કલાધન, ઈન્ડિયન, જીન્સ, મુધાલત, નાયક, બોયઝ અને શિવાજીનો સમાવેશ થાય છે. ૨૦૦૭માં શેખર કપૂરની આગેવાનીમાં ‘Elezabeth the Garden Age’ સાથે સંગીત આપ્યું. ૨૦૦૮માં ‘સ્લમડોગ મિલિયોનેર’ સાઉન્ડ ટ્રેકની રચના કરી. જેના માટે તેમને ગોલ્ડન ગ્લોબ અને બે એકેડમી પુરસ્કારો મળ્યાં. જેને પગલે આ મેળવનાર પ્રથમ ભારતીય નાગરિક બન્યાં.

ગીત ‘જયહો’ યૂરોચાર્ટ હોટ ૧૦૦ સિંગલ્સનાં બીજા ક્રમે અને એસ. બિલ બોર્ડ હોટ ૧૦૦માં ૧૫માં ક્રમે પહોંચ્યુ હતું.



**હર્ષા ઠક્કર**
**શિક્ષક, ભૂજ**

# ગુગલ ગુરૂ તમારા વિશે શું જાણે છે તે જાણવું છે?

આપ સૌ જાણો છો તે પ્રમાણે ટેકનોલોજીનાં યુગમાં ગુગલને ‘ગુરૂ’ની ઉપમા આપવામાં આવે છે. ગુગલને ‘ગુગલ ગુરૂ’ તરીકે ઓળખવામાં આવે છે. જો કે ગુગલને ‘ગુગલ ગુરૂ’ કહેવાનું કારણ પણ વ્યાજબી છે, કારણકે ટેકનોલોજીના યુગમાં કોઈપણ વિષય વિશે માહિતી મેળવવી હોય તો ગુગલ સિવાય અન્ય કોઈ હાથવગો વિકલ્પ ઉપલબ્ધ નથી. ગુગલનો સરળ ઈન્ટરફેસ અને માહિતીનાં અઢળક સ્ત્રોતના કારણે જ ગુગલ બન્યું છે. – ગુગલ ગુરૂ. ગુગલ આપણી દરેક બાબત વિશે માહિતગાર છે!!! આપણે આપણી અંગત બાબતો જણાવવી છે કે નહીં તેની મરજી જાણ્યાં વિના ગુગલ આપણી માહિતી સ્ટોર કરી રહ્યું છે !!! પ્રસ્તુત આર્ટીકલમાં આપણે ગુગલ આપણાં વિશે શું જાણે છે ? ગુગલ આપણો અંગત ડેટા કેમ સ્ટોર કરે છે ? ગુગલે સ્ટોર કરેલી આપણી અંગત માહિતી કઈ રીતે જાણી શકાય અને તેને ક્યા પ્રકારે ગુગલ પરથી દૂર કરી શકાય તેના વિશે વિગતવાર માહિતી મેળવીશું. તો થઈ જાવ તૈયાર.

**ગુગલ તમારા વિશે શું જાણે છે.**

સાચુ કહુ તો - ગુગલ તમારા વિશે બધુજ જાણે છે!!! કદાચ તમારાથી પણ વધુ !!! કારણકે, તમે ગુગલ પર જે પણ સર્ચ કરી રહ્યાં છો, તે ગુગલ તમને અનેક વિકલ્પો સાથે દર્શાવવા માટે સક્ષમ છે. ખાસ કરીને જો તમે ગુગલ, જી-મેઈલ, ગુગલ ડ્રાઈવ, ગુગલ મેપ, યુટ્યુબ, એન્ડ્રોઈડ, પ્લે સ્ટોર તેમજ ગુગલમાં સર્ચ કરતાં હોય તો આ એક હકીકત છે, ગુગલ તમારી દરેક ગતિવિધી પર ચાંપતી નજર રાખી રહ્યું છે !!!

ગુગલ પર તમારી તમામ ગતિવિધીઓ સ્ટોર થઈ રહી છે... જેમકે, તમે ગુગલ પર શું સર્ચ કરી રહ્યાં છો ? તમે ગુગલ મેપ પર કઈ જગ્યાને સર્ચ કરો છો ? તમે યુટ્યુબ પર ક્યાં વિષયને લગતાં વિડિયો જોઈ રહ્યાં છો ? વગેરે..વગેરે.. ગુગલનાં ખાસ પ્રકારનાં એલ્ગોરિધમનાં આધારે આ તમામ માહિતી ગુગલનાં ડેટાબેઝમાં આપમેળે સ્ટોર થઈ રહી છે.

**ગુગલ તમારો અંગત ડેટા કેમ સ્ટોર કરે છે ?**

ઘણાં યુઝર્સને નવાઈ લાગશે કે, આખરે ગુગલ આપણી અંગત બાબતોને કેમ સ્ટોર કરે છે ? ગુગલ



આપણી અંગત બાબતોમાં આટલો રસ કેમ લે છે ? આ બાબતનો જવાબ છે – ગુગલ તમે કરેલી સર્ચ હિસ્ટ્રી, લોકેશન અને વોઈસ સર્ચનાં આધારે ડેટાને મેળવે છે અને તમારી શોધનાં આધારે પોતાની સર્વિસ અને જાહેરાત પ્રદર્શિત કરે છે. ગુગલ તમારી શોધનાં આધારે સર્ફિંગ દરમ્યાન તમારી રૂચીને અનુરૂપ જાહેરાત દર્શાવીને કમાણી કરે છે.

**ગુગલ દ્વારા સ્ટોર કરેલી તમારી અંગત માહિતી કેવી રીતે મેળવશો ?**

ગુગલ પર અવાર નવાર આરોપ લગાવવામાં આવે છે કે – ગુગલ પોતાનાં યુઝર્સની અંગત માહિતીને ચોરીને તેનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરે છે !!! આજ કારણ સર ગુગલે પોતાની ઈમેજને સુધારવા માટે ગુગલ દ્વારા સ્ટોર કરવામાં આવતી યુઝર્સની તમામ બાબતોને દર્શાવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કોઈપણ યુઝર્સ ગુગલમાં પોતાની સ્ટોર થતી તમામ માહિતીને myactivity.google.com લિંક પર જઈને જાણી શકે છે. ગુગલમાં લોગઈન થઈને My Activity પેજ હેઠળ તમે ગુગલમાં તમારી સ્ટોર થયેલી તમામ માહિતીને જોઈ શકો છો, જેના આધારે તમે જાણી શકો છો કે ગુગલ તમારી કઈ કઈ બાબતો જાણે છે ?



My Activity પેજમાં ઉપરનાં ભાગમાં તમને જણાવવામાં આવે છે કે – આ માહિતી ફક્ત તમને જ જણાવવામાં આવે છે. અને આ માહિતી અંગત અને સુરક્ષિત છે. તેમાં ટાઈમ લાઈન હેઠળ તમારી તમામ સર્ચને જોઈ શકાય છે, કે ગુગલે તમારી કઈ કઈ બાબતોને સ્ટોર કરી છે. જો તમે સ્માર્ટ ફોનમાં કોઈ એક્ટીવીટી કરશો તો તે પણ અહીં જોવા મળશે. જો તમે ઈચ્છો તો આ હિસ્ટ્રીને ડિલીટ પણ કરી શકો છો. My Activity પેજમાં ઉપરનાં ભાગમાં ત્રણ ઉભાં ટપકાં પર કલિક કરી Delete Activity by હેઠળ સમય આધારિત Ads, Android, Image Search, Maps, Video Search, You Tube પ્રકારની પ્રોડક્ટને ડિલીટ કરી શકો છો. તમામ સર્ચ હિસ્ટ્રીને ડિલીટ કરવા માટે All Time અને All products પસંદ કરો.

**ગુગલ પર તમારી કામગીરી અંગત રાખવા માટે શું કરવું ?**

જો તમે ઈચ્છતા હોય કે તમારી અંગત બાબતો ગુગલ સ્ટોર ન કરે તો આ કામગીરી શક્ય છે. જો ગુગલ તમારી અંગત બાબતોને સ્ટોર ન કરે તેમ ઈચ્છતા હોય તો My Activity પેજમાં ઉપરની તરફ જમણી બાજુનાં ત્રણ ઉભાં ટપકાં પર કલિક કરી Activity controls હેઠળની Web & App activity, Location History, Device information, Voice & Audio activity, You Tube Search History વગેરેને ડિસેબલ કરી દો.

આજ પ્રકારની ટેકનોલોજીને લગતી બાબતો સાથે ટેકનોલોજીની દુનિયા હેઠળ The Open Pageનાં માધ્યમથી ફરી મળીશું, નવા વિચાર અને નવી ટેકનોલોજીને લગતાં મદ્દા સાથે..

અને હા..આપના અમૂલ્ય સુચનો The Open Pageનાં માધ્યમ થકી મોકલતાં રહેશો..



**તેજસ ઠક્કર**
**IT EXPERT**
www.tejasthakkar.com

# ચિન્ટુની ચોરીનો પસ્તાવો



એક સુંદર મજાનું ગામ હતું. તે ગામમાં જાત-જાતનાં લોકો રહેતાં તેમાં એક ચીન્ટુ નામનો છોકરો ચોથું ભણતો હતો. તેની અને તેનાં પરિવારની પરિસ્થિતિ ખૂબજ ખરાબ હતી. તેનાં ઘરમાં અન્ન પણ નહોતું અને તેનાં પપ્પાનું મૃત્યું થવાથી તેની માતા મજૂરી કરીને થોડા-ઘણાં પૈસા કમાઇને પોતાનું ગુજરાન ચલાવતી હતી. છતાં પણ તે છોકરો ભણવામાં ખૂબજ હોશિયાર અને બુદ્ધિશાળી હતો. એક દિવસ જ્યારે તે સ્કૂલથી ઘરે જતો હતો ત્યારે તેને રસ્તામાંથી રૂપિયો જડ્યો.

તરત જ ઘરે જઇને પોતાની મમ્મીને કીધુ કે – 'મમ્મી મમ્મી મને રસ્તામાંથી રૂપિયો મળ્યો છે' તેની મમ્મીએ કહ્યું કે – 'જા બેટા આનો તુ મનગમતો ભાગ લઇ લે'

તે બજારમાં ગયો અને એક રૂપિયાનાં ચણા લીધાં તે રસ્તામાંથી ઘર તરફ જતો હતો ત્યારે રસ્તામાં કપડાં ધોતા ધોબી જોવા મળ્યો અને તેને વિચાર્યું કે હું ચાલાકીથી આના કપડાં લઇને મારી મમ્મીને આપીશ અને તે આ કપડા વેચીને મારા ઘરનું ગુજરાન ચલાવી શકશે. તેથી તે ધોબી કપડાં ધોતા હતાં ત્યાં જઇને ચણા ખાવા લાગ્યો. તો તે જોઇને ધોબીને પણ ભૂખ લાગી ગઇ અને તેણે કહ્યું કે 'એ છોકરા મને તુ ચણા દેને મને ખૂબજ ભૂખ લાગી છે' અને ચીન્ટુએ કહ્યું કે 'હું તમને ચણા આપીશ નહી પરંતુ તમે બજારમાંથી ચણા લઇ આવો અને હું તમારા કપડાનું ધ્યાન રાખીશ' પછી તે ધોબી બજારમાં ચણા લેવા ગયો.

તો ચીન્ટુ એ બધાજ કપડા લઇ અને એક મોટા વૃક્ષની પાછળ સંતાડી દીધા અને જ્યારે ધોબી ચણા લઇને આવ્યો તો ધોબીએ ચીન્ટુને પૂછ્યું કે બધા કપડા ક્યાં ગયાં તો ચીન્ટુએ જવાબ આપ્યો કે વાવીટાળો આવ્યો તો બધાજ કપડા લઇને ગયો. અને ચીન્ટુની આ વાત સાંભળી ને બધાજ ધોબી કપડા શોધવા ગયા. ત્યારે ચીન્ટુએ વૃક્ષ પાછળ કપડા સંતાડ્યા હતાં ત્યાંથી લઇ અને ઘર તરફ જતો હતો તો રસ્તામાં તેને એક ઉંટ અને તેની સાથે ઉંટવાળાભાઈ મળ્યાં ઘણાં બધા કપડાં હોવાથી ઉંટવાળાભાઇને કહ્યું કે તમારો ઉંટ મને પંદર મિનિટ પુરતો આપોને તો ઉંટવાળા ભાઇએ પૂછ્યું કે તારે ઉંટને શું કરવો છે ?તો ચીન્ટુ એ કહ્યું કે મારી પાસે ઘણાં કપડા છે મારે ઘરે લઇ જવા છે. હું કપડા ઘરે મૂકી આવીને તમને તામારૂ ઉંટ આપી દઇશ. ઉંટવાળા ભાઇએ ચીન્ટુને ઉંટ આપ્યું.

ચીન્ટુ ઉંટ ઉપર કપડા રાખી, ઘર તરફ જતો હતો તો ઉંટવાળા ભાઇએ ચીન્ટુને પૂછ્યું કે તારૂ નામ શું છે. તો ચીન્ટુએ જવાબ આપ્યો કે મારૂ નામ લેણેદાર છે. એમ કહી ચીન્ટુ ઘર તરફ રવાના થયો.

પેલા ધોબીઓને કપડા મળ્યાં જ નહીં તો તે ગામનાં રાજા પાસે ગયાં. અને રાજાને કહ્યું કે અમારા બધાજ કપડા વાવીટાળો લઇને જતો રહ્યો. તો રાજાએ જવાબ આપ્યો કે 'પવન આવે તો કપડા ઉડી જ જાયને તમે તેને સરખી રીતે સાચવો નહીં તો એમજ થાયને' એમ કહી રાજાએ બધાજ ધોબીઓને દરબારમાંથી રવાના કરી દીધા.

ઉંટવાળાભાઇનો ઉંટ પણ ચીન્ટુ લઇને જતો રહ્યો હતો. પછી દેવાજ ના આવ્યો. તે માટે ઉંટવાળા ભાઇ પણ રાજા પાસે દરબારમાં ગયાં અને રાજાને કહ્યું કે રાજાજી 'મારૂ ઉંટ એક છોકરો લઇને જતો રહ્યો છે પછી મને દેવાજ આવ્યો નથી' તો રાજાએ ઉંટવાળા ભાઇને પૂછ્યું કે છોકરાનું નામ શું હતું ?તો ઉંટવાળા ભાઇએ કહ્યું કે તે છોકરાનું નામ લેણેદાર હતું. તો રાજાએ કહ્યુંકે 'તમારા કોઇપણ પાસે પૈસા બાકી હોય અને તમે આપ્યાં નહી હોય તો તે તમારો ઉંટ લઇને લેણેદાર જતો જ રહેને' તેને પણ રાજાએ દરબારમાંથી કાઢી મૂક્યો. ચીન્ટુ તેના ઘરે ગયો અને તેના મમ્મીને કીધુ કે મમ્મી મમ્મી હું રૂપિયાનું કપડા લાવ્યો અને ઉંટ પણ લાવ્યો છું.

તેના મમ્મી એ તેને પૂછ્યું કે એક રૂપિયાનું તુ આટલુ બધુ કેવી રીતે લાવ્યો તો ચીન્ટુ એ તેની મમ્મીને તેની બધીજ વાત કરી અને તેના મમ્મીએ ચીન્ટુને પ્રેમથી સમજાવીને કહ્યું કે બેટા, ચીન્ટુ આ તે જે પણ કામ કર્યું છે તે કામ તે આપણાં ઘર માટે કર્યું છે પણ આ કામ સારૂ ન કહેવાય બધા પાસેથી તુ જેવી રીતે લાવ્યો છે તેને ચોરી કહેવાય છે. આ કામ ખૂબજ ખરાબ કહેવાય છે. ચીન્ટુ તેના મમ્મીની આ વાત સાંભળીને તે ખૂબજ દુ:ખી થયો અને તેને ખૂબજ પસ્તાવો થાય છે. પછી તે પાછો ધોબીને પોતાના કપડા પાછા આપે છે. અને ધોબી તેનાથી ખુશ થઇને થોડાક કપડા આપે છે. અને તેને કહે છે કે 'આજે આ કામ કર્યું તે ચોરી કહેવાય આ કામ ખૂબજ ખરાબ છે હું તને માફ તે માટે કરૂ છું કે તે ચોરીનું પ્રાયશ્ચિત કર્યું.

પછી તે ઉંટ લઇને ઉંટવાળા ભાઇ પાસે જાય છે. અને ચીન્ટુને જોઇને તે ખૂબ જ ગુસ્સે થાય છે. ચીન્ટુ તેની સામે જતા ડરે છે. છતાં પણ તેની પાસે જઇને પોતાનો ગુનો કબુલ કરે છે. પછી તે પાછો ઘરે આવે છે. પછી તેની માતા તેને સમજાવે છે અને તે સમજી જાય છે. કે જીંદગીમાં કોઇ દિવસ ચોરી ન કરાય.

**બોધ: આપણે કોઇ દિવસ ચોરી ન કરવી જોઇએ. કારણકે જો પકડાય જવાય ત્યારે આપણને ખૂબ જ પસ્તાવો થાય છે.**

*ડેર ધર્મેશ હર્ષદભાઇ અને મહિડા પ્રશાંત જેસીંગભાઇ*
*વિદ્યાર્થી, ધોરણ - ૯, સાંવરકુંડલા*









## ગીતા જંયતિની ઉજવણી દ્વારા ગુરૂકૃપા વિદ્યાલયમાં શ્રી કૃષ્ણના કર્મોની બોધવાણી

૩૦, નવેમ્બર ૨૦૧૭ના રોજ સમગ્ર ભારતમાં 'ધર્મગ્રંથ' પ્રેમી લોકો ગીતા જંયતિની ઉજવણી અનોખી રીતે કરતા હોઈ છે ત્યારે ગુરૂકૃપા વિદ્યાલય મોરાભાગળમાં મુખ્યમહેમાનશ્રી રાજેન્દ્ર શાસ્ત્રીજીના ગીતા સંદેશના પ્રવચન દ્વારા કરવામાં આવી હતી. ગીતા જંયતિની ઉજવણીમાં વિદ્યાર્થીઓને શ્રી કૃષ્ણે અર્જુનને કુરૂક્ષેત્રના મેદાનમાં જે ભગવદ્ ગીતાનો ઉપદેશ આપ્યો તેનું માર્ગદર્શન શ્લોકની સમજુતી દ્વારા અપાયું હતું. આચાર્યશ્રી નૈલેષભાઈ પટેલ દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતા અને જીવન સાથે કર્મોનું કાર્ય વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી ગીતા જંયતિની શુભેચ્છા આપી હતી. ટ્રસ્ટી શ્રી ડૉ. વિજયભાઈ પટેલે આજના મુખ્ય વક્તા તથા ઉપસ્થિત સર્વોને અભિનંદન આપી આભાર વ્યક્ત કર્યો હતો.





## આંગણકા પ્રાથમિક શાળામાં મોબાઇલ વાન પ્રોજેક્ટ દ્વારા અંગ્રેજી સેમિનાર યોજાયો

પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ મુંબઇ અનુદાનિત ગ્રામ નિર્માણ સંસ્થા મહુવા દ્વારા આંગણકા પ્રાથમિક શાળામાં મોબાઇલ વાન પ્રોજેક્ટ દ્વારા સરળ અંગ્રેજી સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં મોબાઇલ વાનની પ્રાથમિક શાળાના બાળકોને સરળ અંગ્રેજી શીખવવા માટે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે છાંયા ચિત્ર, સ્પેલિંગ ગેમ, ક્રિયાપદ અને વિશેષમ ગેમ, શબ્દ ચોરસ, અંગ્રેજી અંતાક્ષરી, આ પ્રવૃત્તિઓને કારણે બાળકોને અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર થયો અને અંગ્રેજી સરળ ભાષા છે તેવો અનુભવ થયો હતો. બાળકોને ગ્રામ નિર્માણ સંસ્થાના કાર્યકરો દ્વારા અંગ્રેજી ભાષાની વિવિધ ગેમ અને પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. બાળકોએ અંગ્રેજી ભાષાની આ બધીજ પ્રવૃત્તિઓમાં ભાગ લઇને આંગણકા શાળા અને ગામને ગૌરવ અપાવ્યું હતું.





રામેશ્વર સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી.





રાજ માધવ વિદ્યાવિહાર વસ્ત્રાલ, વિજ્ઞાન પ્રદર્શનમાં ધોરણ-૯ના વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓનું નિર્દેશન કરતાં દ્રશ્યમાન થાય છે.

## થોડું તો વિચારો

ઉત્તરાયણ એટલે તમારે તો મજા,
પણ વગર વાંકે પંખીઓને શા માટે સજા ?
જે હાથે ઉડી નથી શક્તું તેને ઉડાડો છો,
ને જે મસ્તીથી ઉડે છે તેને પછાડો છો ?
સૂરજ કરે ઉત્તર તરફ પ્રયાણ સુખ
આપવા માટે
આપણને આપે શિયાળાનો મીઠો તડકો
તાપવા માટે
આ બધામાંથી કંઇક શીખ લઇએ
અને હવે અગાશીમાં ન ઉભા રહીએ
કોઇકને કાપવા માટે ?
ભગવાને વિચારો કેટલા જીવન આઇ પા
અને તમે એક સેકન્ડમાં રાડ પાડી
બોલશો કાઇપા ?
આકાશ એકલું આપણું નથીને
નથી આપણે તેના અધિપતિ
આ વિશાળ જગ વિસ્તારે છે
પશુ, પંખીને વનોતણી વનસ્પતિ ?
કોઇ બાળકનું ગળું દોરીથી કપાય છે
તો એ તો છાપામાંયે છપાય છે
પરંતુ મુંગા કેટલાય પક્ષીઓનાં મોત પર
ક્યાં કોઇનેય કશું થાય છે ?
પતંગ તો હોય છે આકાશ માપવા માટે
નહી કે કાચ પાઇને કોઇને કાપવા માટે ?

**—કનાલા ધર્મેન્દ્ર, રાજુલા**



## જો જો પાછા હસતા નહી

### કૂતરૂ કરડ્યું

ટોમી કૂતરો સાવ નાનકડા ભોલુનો હાથ અને મોંઢુ ચાટતો હતો. ત્યાં તો ભોલુનો ભાઇ ભોપુ જોઇ ગયો અને ગભરાઇ તેણે જોરથી બુમ મારી

**મમ્મી :** અરે કૂતરું કરડ્યું કે શું ?

**ભોપું :** ના મમ્મી હજુ તો એ ચાટીને જોઇ રહ્યો છે.

### ટાઇમ શું થયો?

**રાજુ અંકલ:** ઓ ભાઇ, જરા ઉભા રહો, ટાઇમ શું થયો છે ?

**મુસાફર :** સાડા સાત

**રાજુ અંકલ:** વાત શું છે ! મેં સવારથી જેટલા લોકોને ટાઇમ પૂછ્યો એ બધા જુદો-જુદો ટાઇમ બતાવે છે.

### ભવિષ્ય અંગે વિચારીશું

**નેતા:** ભૂતકાળને ભૂલીને ભવિષ્ય અંગે વિચારીશું તો જ દેશની પ્રગતિ થશે,

એ સમયે અચાનક કોઇક બોલ્યું, તમે મારી પાસેથી ભૂતકાળમાં હજાર રૂપિયા ઉછીનાં લીધા હતાં એ મને પાછા આપવાનું ભૂલી ન જતાં.

### ચોકલેટ શોધુ છું

થીયેટરમાં ચાલુ ફિલ્મે એક દાદાને આજુ-બાજુની ખુરશીઓ વચ્ચે કંઇક શોધતા જોઇને કોઇકે પૂછ્યું.

દાદા આ ચાલુ પીક્ચરે શું કરો છો ?

ચોકલેટ શોધું છું ભાઇ, ખાતાં ખાતાં પડી ગઇ...

પડી ગયેલી એવી એક ગંદી ચોકલેટ માટે બધાને શું કામ હેરાન કરો છો ? બીજી ચોકલેટ ખાઇ લેજો.

વાંધો ચોકલેટનો નથી, પણ એની સાથે ચોકઠુ્ય પડી ગયું છે ને.